Extra No. 60

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **THURSDAY, FEBRUARY 12, 2026 / MAGHA 23, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૬

તારખઃ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના ગુજરાત રાજપત્ર, (અસાધરણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૬ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ૨.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

લતા બી. નાયક,

સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 2 OF 2026.

GUJARAT CONTROL OF TERRORISM AND ORGANISED CRIME (AMENDMENT) BILL, 2026.

A BILL

further to amend the Gujarat Control of Terrorism and Organised Crime Act, 2015.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨.

ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક, ૨૦૨૬.

ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ, ૨૦૧૫ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્યોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની દીર્ઘ સંજ્ઞાનો સુધારો.

સન ૨૦૧૯નો ગુજરાતનો ૨૪મો.

૨. ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ, ૨૦૧૫ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, દીર્ઘ સંજ્ઞામાં, "આતંકવાદી કૃત્યોના નિવારણ અને નિયંત્રણ માટે અને" એ શબ્દો કમી કરવા

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૧નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧માં, પેટા-કલમ (૧)માં, "આતંકવાદ અને" એ શબ્દો કમી કરવા.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૨નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨માં,

(ક) પેટા-કલમ (૧)માં,-

(૧) ખંડ (ખ) કમી કરવો;

(૨) ખંડ (છ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

સન ૨૦૨૩નો ૪૬મો.

"(છક) "સંહિતા" એટલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩;";

(૩) ખંડ (ઝ) કમી કરવો;

(ખ) પેટા-કલમ (૨)માં, બે જગ્યાએ આવતા "અધિનિયમ" એ શબ્દને બદલે, "સંહિતા" એ શબ્દ મૂકવો.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૩નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩માં,-

(૧) પેટા-કલમ (૧)માં, "આતંકવાદી કૃત્ય અથવા" એ શબ્દો કમી કરવા;

(૨) પેટા-કલમ (૨)માં, "આતંકવાદી કૃત્ય અથવા સંગઠિત ગુનો અથવા કોઈ આતંકવાદી કૃત્ય અથવા સંગઠિત ગુનાની પૂર્વતૈયારીરૂપ કોઈ કૃત્ય આચરવાનું" એ શબ્દોને બદલે, "સંગઠિત ગુનો અથવા સંગઠિત ગુનાની પૂર્વતૈયારીરૂપ કોઈ કૃત્ય આચરવાનું" એ શબ્દો મૂકવા;

(૩) પેટા-કલમ (૩)માં, "કોઈ આતંકવાદી કૃત્યનો ગુનો કર્યો હોય તેવી કોઈ વ્યક્તિને અથવા" એ શબ્દો કમી કરવા;

(૪) પેટા-કલમ (૫)માં, "આતંકવાદી કૃત્ય અથવા" એ શબ્દો કમી કરવા;

(૫) હાંસિયા-નોંધમાં, "આતંકવાદી કૃત્ય અને" એ શબ્દો કમી કરવા.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૬નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬માં, "અધિનિયમ" એ શબ્દને બદલે, "સંહિતા" એ શબ્દ મૂકવો.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૭નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭માં, પેટા-કલમ (૧)માં, "અધિનિયમ" એ શબ્દને બદલે, "સંહિતા" એ શબ્દ મૂકવો.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૮નો સુધારો.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૮માં, પેટા-કલમ (૩)માં, "અધિનિયમની કલમ ૨ના ખંડ (ભ) અને અધિનિયમની જોગવાઈઓ" એ શબ્દો, આંકડા અને કૌંસને બદલે, "સંહિતાની કલમ ૨ની પેટા-કલમ (૧)ના ખંડ (મ) અને અધિનિયમની જોગવાઈઓ" એ શબ્દો, આંકડા, કૌંસ અને અક્ષર મૂકવા.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૯નો સુધારો.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯માં,-

(૧) પેટા-કલમ (૨)માં, "અધિનિયમની કલમ ૨૬૦ની પેટા-કલમ (૧) અથવા કલમ ૨૬૨માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, તે અધિનિયમમાં ઠરાવેલી કાર્યરીતિ અને આવી ઈન્સાફી કાર્યવાહીને લાગુ પડે છે તેટલે સુધી તે અધિનિયમની કલમ ૨૬૩ થી ૨૬૫ની જોગવાઈઓ અનુસાર સંક્ષિપ્ત રીતે તેની ઈન્સાફી કાર્યવાહી કરી શકશે." એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે, "સંહિતાની કલમ ૨૮૩ની પેટા-કલમ (૧) અથવા ૨૮૫માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, તે અધિનિયમમાં ઠરાવેલી કાર્યરીતિ અને આવી ઈન્સાફી કાર્યવાહીને લાગુ પડે છે તેટલે સુધી તે અધિનિયમની કલમ ૨૮૬ થી ૨૮૮ની જોગવાઈઓ અનુસાર સંક્ષિપ્ત રીતે તેની ઈન્સાફી કાર્યવાહી કરી શકશે." એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા;

(૨) પેટા-કલમ (૨)ના પ્રથમ પરંતુકમાં, "અધિનિયમ" એ શબ્દને બદલે, "સંહિતા" એ શબ્દ મૂકવો;

(૩) પેટા-કલમ (૩)માં, "અધિનિયમ" એ શબ્દને બદલે, "સંહિતા" એ શબ્દ મૂકવો.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૧૧નો સુધારો.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧માં, "અધિનિયમ" એ શબ્દને બદલે, "સંહિતા" એ શબ્દ મૂકવો.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૧૨નો સુધારો.

૧૧. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨માં, પેટા-કલમ (૧)માં, "અધિનિયમ" એ શબ્દને બદલે, "સંહિતા" એ શબ્દ મૂકવો.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૧૩નો સુધારો.

૧૨. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩માં, પેટા-કલમ (૧)માં, "અધિનિયમ" એ શબ્દને બદલે, "સંહિતા" એ શબ્દ મૂકવો.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૧૪નો સુધારો.

૧૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪માં, "અધિનિયમ" એ શબ્દને બદલે, "સંહિતા" એ શબ્દ મૂકવો

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૧૫નો સુધારો.

૧૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૫માં,-

(ક) પેટા-કલમ (૧)માં, "અધિનિયમમાં અથવા ભારતના પુરાવા અધિનિયમ, ૧૮૭૨માં" એ શબ્દો અને આકડાંને બદલે, "સંહિતામાં અથવા ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩માં" એ શબ્દો અને આકડાં મૂકવા; સન ૨૦૨૩નો ૪૭મો.

(ખ) પેટા-કલમ (૨)માં, "આતંકવાદી કૃત્ય અથવા" એ શબ્દો કમી કરવા.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૧૬નો સુધારો.

૧૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬માં,-

(ક) પેટા-કલમ (૧)માં, "અધિનિયમમાં અથવા ભારતના પુરાવા અધિનિયમ, ૧૮૭૨માં" એ શબ્દો અને આકડાંને બદલે, "સંહિતામાં અથવા ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩માં" એ શબ્દો અને આકડાં મૂકવા;

સન ૨૦૨૩નો ૪૭મો.

(ખ) પેટા-કલમો (૫), (૬) અને (૭)માં, "ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અથવા" એ શબ્દો કમી કરવા.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૧૭નો સુધારો.

૧૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭માં, પેટા-કલમ (૧)માં, "અધિનિયમ" એ શબ્દને બદલે, "સંહિતા" એ શબ્દ મૂકવો.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૧૮નો સુધારો.

૧૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૮માં,-

(ક) પેટા-કલમ (૫)માં,

(૧) ખંડ (ક)માં, "અધિનિયમની કલમ ૮૨-માં" એ શબ્દો અને આકડાંને બદલે, "સંહિતાની કલમ ૮૪માં" એ શબ્દો અને આકડાં મૂકવા;

(૨) ખંડ (ખ)માં, "અધિનિયમની કલમો ૮૩ થી ૮૫-ની" એ શબ્દો અને આકડાંને બદલે, "સંહિતાની કલમો ૮૫ થી ૮૮ની" એ શબ્દો અને આકડાં મૂકવા;

(ખ) "આતંકવાદી કૃત્ય અથવા" એ શબ્દો જ્યાં જ્યાં આવતા હોય, ત્યાં તે શબ્દો કમી કરવા.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૨૦નો સુધારો.

૧૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૦માં,

(ક) પેટા-કલમ (૧)માં, "અધિનિયમની કલમ ૨ના ખંડ (૭)ના" એ શબ્દો, આકડાં, કૌંસ અને અક્ષરને બદલે, "સંહિતાની કલમ ૨ની પેટા-કલમ (૧)ના ખંડ (જ)ના" એ શબ્દો, આકડાં, કૌંસ અને અક્ષર મૂકવા;

(ખ) પેટા-કલમ (૨)માં, "અધિનિયમની કલમ ૧૬૭" એ શબ્દો અને આકડાંને બદલે, "સંહિતાની કલમ ૧૮૭" એ શબ્દો અને આકડાં મૂકવા;

(ગ) પેટા-કલમ (૩)માં, "અધિનિયમની કલમ ૪૩૮" એ શબ્દો અને આકડાંને બદલે, "સંહિતાની કલમ ૪૮૨" એ શબ્દો અને આકડાં મૂકવા;

(ઘ) "અધિનિયમ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય, ત્યાં એ શબ્દને બદલે, "સંહિતા" એ શબ્દ મૂકવો;

(ચ) હાંસિયાની નોંધમાં, "અધિનિયમ" એ શબ્દને બદલે, "સંહિતા" એ શબ્દ મૂકવો;

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૨૧નો સુધારો.

૧૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧માં, બે જગ્યાએ આવતા "આતંકવાદી કૃત્ય અથવા" એ શબ્દો કમી કરવા.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૨૨નો સુધારો.

૨૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૨માં, પેટા-કલમ (૧)માં, "અધિનિયમ" એ શબ્દને બદલે, "સંહિતા" એ શબ્દ મૂકવો.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૨૩-નો સુધારો.

૨૧. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩માં, "આતંકવાદી કૃત્ય અથવા" એ શબ્દો કમી કરવા.

ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે, રાષ્ટ્રપતિની અનુમતિ મળ્યા પછી, આતંકવાદી કૃત્યોના નિવારણ અને નિયંત્રણ માટે અને સંગઠિત ગુના સિન્ડિકેટની ગુનાહિત પ્રવૃતિઓને પહોંચી વળવા માટે ખાસ જોગવાઈઓ કરીને, આતંકવાદી કૃત્યો અને સંગઠિત ગુનાઓના ખતરાને નાથવા, ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ, ૨૦૧૫ અધિનિયમિત કર્યો છે.

કેન્દ્ર સરકારે, ભારતનો ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સન ૧૮૫૦નો ૪૫મો) રદ કરીને, ભારતના ફોજદારી અધિનિયમની જોગવાઈઓ સંપૂર્ણપણે સુધારીને અને આતંકવાદી કૃત્યો સહિતના નવા પ્રકારના અમુક ગુનાઓ ઉમેરીને, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ૪૫મો) અધિનિયમિત કર્યો છે. તેથી, રાજ્ય સરકારે, ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ, ૨૦૧૫માંથી આતંકવાદી કૃત્યોના ગુનાઓને કમી કરવાની વિચારણા કરી છે, જેથી કરીને આતંકવાદી કૃત્યોની તપાસ બેવડાય નહિ.

વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા, ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ, ૨૦૧૫ સુધારવા ધાર્યું છે.

હર્ષ સંઘવી,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૬. **હર્ષ સંઘવી.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,

ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,

તારીખ: ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૬. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.02.25 16:41:58 IST